**નવવિધાન**

**રિશ્તા**

વિચારપ્રેરક પત્રિકા

# અંકઃ ૧ ૧૫-૮-૨૦૧૩

# પ્રાસ્તાવિક

અતીતમાં ડોકિયું કરતાં પાકી ખાતરી થાય છે કે મધ્યગુજરાતના ખ્રિસ્તી સમૂહો માટે એ સુવર્ણ યુગ હતો. મુર્ધન્ય સાહિત્યકાર સ્વ.જોસેફ મેકવાન, સ્વ.સલુ ડાભી, સ્વ. પ્રા. અરવિંદ મેકવાનની જીવંત હસ્તિ અને સમયની માંગને પ્રતિસાદ આપતા પ્રગતિશીલ વિચારોનું તેમની કનેથી અમૂલ્ય પ્રદાન પ્રસ્તુત સુવર્ણયુગની આગવી ખાસિયત હતી. પ્રતિમાસ પ્રસિદ્ધ થતા સામાજિક વિચારપત્ર **નવવિધાન**ની સહુકોઈ કાગડોળે પ્રતીક્ષા કરતા અને લગીરે વિલંબ થતો તો ફરિયાદોનો ઢગલો જમા થતો હતો.

એ સમયે ગુજરાતના ખ્રિસ્તી સમૂહોને પણ 'બક્ષીપંચ'ની યાદીમાં સામેલ કરવામાં આવે તથા એના બધા લાભો આ સમૂહોને ઉપલબ્ધ થાય એ માટે એ સમયની કોંગ્રેસ સરકારના મુ.મંત્રી શ્રી માધવસિંહ સોલંકી સમક્ષ જોરદાર રજુઆતો કરવામાં આવતી હતી. એ માગણીનો સ્વીકાર સરકાર વિના આનાકાનીએ કરે જ એ માટે મ.ગુજરાતના ખ્રિસ્તી સમૂહોનો ટેકો પણ અનિવાર્ય હતો. **નવવિધાન** પ્રકાશને એ માટે જે ભૂમિકા અદા કરી તેની જેટલી કદર કરીએ તેટલી ઓછી પડે. સારાયે ગુજરાતમાં આ પ્રકાશને ખ્રિસ્તીઓને પોતાના હકો પ્રતિ જાગૃત કર્યા, સભાન કર્યા અને તેમના પ્રતિનિધિઓ દ્વારા સરકારને રજુઆતો કરાતી તેને સબળ ટેકો આપ્યો. છેવટે આપણી માગણીને સરકારે સ્વીકારી અને ગુજરાતી ખ્રિસ્તીઓને પણ બક્ષીપંચના લાભો ઉપલબ્ધ કરાયા. **નવવિધાન** ના હોત તો બક્ષીપંચના લાભો મેળવવા શક્ય બન્યું ન હોત. સામાજિક વિચારપત્ર **નવવિધાન** નું ગુજરાતના ખ્રિસ્તીઓના હિતાર્થે આ એક અમૂલ્ય પ્રદાન હતું.

બક્ષીપંચમાં સમાવેશ કરાયો અને તેના જે વિવધ લાભો ખ્રિસ્તીઓને મળતા થયા તથા આજ લગી જે મળતા જાય છે તેનો સરવાળો કરીએ અને તેની યાદી આપવી હોય તો પાનાં ઓછાં પડે એટલા ખાતર એનો કેવળ ઉલ્લેખ કરીને સંતોષ માનવો પડે છે. ટૂંકમાં કહીએ તો **નવવિધાને** ગુજરાતના ખ્રિસ્તી સમૂહોમાં તેમના અધિકારો બાબતે સભાનતા કેળવવા, તેમને જાગૃત કરવા અને તે અધિકારો પ્રાપ્ત થાય એ માટે લોકશાહી રાહે જે જે કંઈ કરવું પડે તે બધું કરવા તેમને સજ્જ કરવા બાબતે બહુમૂલ્ય પ્રદાન કર્યું હતું.

આ એક વાત. બીજી એથીયે વધુ મહત્ત્વની વાત તો એ હતી કે **નવવિધાન** દ્વારા ખ્રિસ્તી સમૂહોને આપણા જીવનનાં આર્થિક, સામાજિક, રાજકીય પાસાંને સ્પર્શતી બાબતે બૌદ્ધિક જાગૃતિ અને પ્રકાશ પાડતા બહુ જ ઉપયોગી તથા આવશ્યક એવાં લખાણોની કિંમતી સામગ્રી નિયમિતપણે પીરસવામાં આવતી હતી. એક સર્વેક્ષણના આધારે જાણવા મળ્યું હતું કે **નવવિધાન** મારફતે ખ્રિસ્તી સમૂહોની બૌદ્ધિક કક્ષાને ઊંચે લાવીને તેમની નાનીશી દુનિયાને વધારે મોટી અલબત વિશાળ બનાવવામાં સિંહ ફાળો આપ્યો હતો. કેટલાક વાચકોને મન **નવવિધાન** નું આ એક આગવું અને વિશિષ્ટ પ્રદાન હતું. ગુજરાતમાં ખ્રિસ્તી સમૂહોમાં શિક્ષણની કક્ષા બહુ ઊંચી છે ત્યારે શિક્ષિત ખ્રિસ્તીઓ ચોપાસની પલટાયેલ પરિસ્થિતિઓમાં તેમની સંકુચિત, મર્યાદિત તથા લઘુ દુનિયામાં ભરાઈ ને બેસી રહે એ વ્યક્તિગત પોતાને માટે, પરિવાર માટે અને ખાસ કરીને તો સંતાનોના ઘડતર માટે કદાપિ લાભદાયક નીવડે નહિ. **નવવિધાન** આ બાબતે ખાસ ગૌરવ લેતું હતું અને તેની નિયમિતપણે પ્રસિદ્ધ કરાતા અંકોમાં ખાસ નોંધ પણ લેતું હતું.

ઠીક. આ થઈ ભૂતકાળની કહાણી જે કદાચ ઘણાને 'વરની મા વરને વખાણે' જેવું લાગશે. કોઈને એવું પણ સૂઝશે ને પૂછશે કે ભૂતકાળને વાગોળવાની અત્યારે શી જરૂર? અમને તો હાલની, વર્તમાનની વાત કરો. એમાં અમને ખરેખર રસ છે. તો ચાલો ત્યારે, આવું મંતવ્ય રજુ કરનારને ન્યાય આપીએ.

હકીકતે આજે આપણી પાસે એવું કોઈ આપણું પ્રકાશન નથી જે આપણને લાગતી વળગતી બાબતોથી વાકેફ રાખે, પ્રેરણાસિંચન કરે, પ્રશ્ન કરી વિચાર કરવાનો પડકાર ફેંકે ને અર્થપૂર્ણ વિધેયાત્મક ચર્ચાઓ ઉપાડીને આપણામાં બૌદ્ધિક જાગૃતિ પ્રગટાવે. આપણી પાસે 'દૂત' સામયિક છે પરંતુ, તેને કેટલાક પોતાના આગવા ઉદ્દેશો જાળવવાની જવાબદારી છે. વળી, આ માસિક સમગ્ર ગુજરાતના કેથોલિક મતાવલંબીઓને માટે પ્રસિદ્ધ થતું હોઈ, મ.ગુજરાતના કેથોલિક મતાવલંબીઓને સ્પર્શતી બાબતોને જગા ફાળવી ના શકે અને તેને પ્રાધાન્ય પણ ના આપી શકે. 'દૂત' પાસેથી એવી અપેક્ષા રાખી પણ ના શકાય અને એવો આગ્રહ પણ અસ્થાને ગણાય. ટૂંકમાં, મ.ગુજરાતના ખ્રિસ્તી સમૂહો માટે તેમને સ્પર્શતી બાબતે લખાય, ચર્ચાય અને વાકેફ રાખે એવા કોઈ પ્રકાશનની મને અંગત રીતે તો જરૂર લાગે છે અને ખાસ કરીને તો **નવવિધાન** ના અનુભવ તથા તેણે જે ભૂમિકા અદા કરી, ભજવી હતી તેને આધારે.

આ સંદર્ભે કેટલાક સમયથી હું કેટલાક કેથોલિક યુવા મિત્રો સાથે તથા કેટલાક જાગૃત કેથોલિક બૌદ્ધિકો સાથે ચર્ચા-

વિચારણાઓ કરતો હતો અને તેઓ પણ આવા કોઈ પ્રકાશનની આવશ્યકતા જૂએ છે અને તેનો આરંભ થાય તો તેને વધાવી લેશે એવું કહે છે.

ઉપરોક્ત અતીત અને વર્તમાનને દૃષ્ટિ સમક્ષ રાખતાં મને પણ અંગત રીતે પ્રસ્તુત પ્રકાશનની આવશ્યકતા લાગે છે એટલે એને પુનઃ પ્રસિદ્ધ કરવાનો મેં સંકલ્પ કર્યો છે ને હિંમત કરું છું. એમાં કેટલી સફળતા પ્રાપ્ત થશે ને કેટલો સહકાર મળશે તે અસ્પષ્ટ હોવા છતાં પ્રથમ અંક પ્રસિદ્ધ કરું છું. વાગ્યું તો તીર નહિ તો ટપ્પો!

તો મિત્રો, તમારી સમક્ષ સમાજહિત-ચિંતક, પ્રતિબદ્ધ કર્મશીલ અને પોતાની કલમ દ્વારા ગુજરાતની ખ્રિસ્તી આલમને ગૌરવ પ્રાપ્ત કરાવનાર સ્વ. લેખક જોસેફ મેકવાન સાથેનાં સુખદ સંસ્મરણો સહિત **નવવિધાન** નો આ પ્રથમ અંક !

---

## ખાસ સમાચાર

ભારતના બંધારણના આમુખમાં દેશના સહુ નાગરિકોને ‘એક વ્યક્તિ એક વોટ’થી નવાજિત કરીને સમાનતાનો દરજ્જો આપ્યો છે. દેશના સહુ નાગરિકો સમાન દરજ્જો ધરાવે છે; કોઈ પ્રથમ કક્ષાના (ફર્સ્ટ ક્લાસ) તો બીજા દ્વિતીય કક્ષાના (સેકન્ડ ક્લાસ) નાગરિક નથી. સહુને સમાન હક, સમાન તક અને સમાન ફરજ છે.

પરંતુ દેશમાં વાસ્તવિકતા કંઈક જુદી જ છે. ખાસ કરીને જ્ઞાતિ પ્રથાને કારણે દેશના એક પ્રચંડ સમૂહને હલકી કક્ષાના ગણી તેમના પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે એટલે આ વર્ગો - શેડ્યુલ કાસ્ટ તથા શેડ્યુલ ટ્રાઈબ્સ માટે અનામતોની ખાસ જોગવાઈઓ કરેલી છે જે ‘પોઝીટીવ ડીસ્ક્રીમીનેશન’ કહેવાય છે અને તેનો હેતુ સદીઓથી જેમની સામે ભેદભાવ રાખવામાં આવ્યો છે ને તેમનો વિકાસ અટકાવ્યો છે તેના બદલા તરીકે તેમને ખાસ લાભ આપીને મુખ્ય પ્રવાહમાં લાવવા. બંધારણમાં આ સમૂહોની એટલે કે, શેડ્યુલ કાસ્ટ -અનુસૂચિત જાતિ- હવે દલિતો-(SC) અને શેડ્યુલ ટ્રાઈબ્સ (ST) આદિવાસીઓ-ની યાદીઓ આપેલી છે જેમાં સામેલ કરાયેલને ઉપરોક્ત લાભો આપવામાં આવે છે જેમાંનો એક લાભ સંસદમાં તથા વિધાનસભામાં તેમને માટે અમુક બેઠકો અનામત રાખવામાં આવી છે તે છે. આ લાભો જ્ઞાતિ આધારિત છે જેમાં વ્યક્તિ કયો ધર્મ કે સંપ્રદાય પાળે છે તેને ધ્યાનમાં લેવામાં આવતું નથી.

બંધારણીય જોગવાઈ ઉપર નોંધ્યું તેવી હોવા છતાં સને ૧૯૫૦માં રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્ર પ્રસાદે એક વટહૂકમ બહાર પાડીને પ્રસ્તુત લાભો શિખ, ઈસાઈ, બૌદ્ધ અને ઈસ્લામ ધર્મ પાળનારાઓને નહિ મળે તેવું જાહેર કર્યું.

“હિંદુધર્મ સિવાય અન્ય ધર્મ પાળતી કોઈ પણ વ્યક્તિ અનુસૂચિત જાતિઓના સભ્ય મટી ગયેલ ગણાશે.”(૧૧ ઓગષ્ટ, ૧૯૫૦ રાષ્ટ્રપતિનું જાહેરનામું )

આ વટહૂકમનો સખત વિરોધ કરાયો ત્યારે પંજાબ અને હરિયાણામાં વસતા શીખધર્મ પાળતા વર્ગને પણ સવલતો આપવી એવું નક્કી કરાયું. વિરોધ નહિ કરનાર ઈસાઈઓને તેમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. એવું જ મુસ્લિમો માટે પણ છે.

(ડો.બાબા સાહેબ આંબેડકરે ધર્મપરિવર્તન કરીને બૌદ્ધ ધર્મ અપનાવ્યો ત્યારે દેશમાંથી SC દલિતોના વિશાળ સમૂહોએ બાબા સાહેબનું અનુકરણ કરીને બૌદ્ધ ધર્મને અપનાવ્યો જેના સંસદમાં ઘેરા પડઘા પડ્યા અને બાબા સાહેબનો નવો રાજકીય પક્ષ આગામી ચૂંટણીઓમાં મોટી સંખ્યામાં ચૂંટાઈ આવી સંસદમાં પ્રભુત્વ જમાવશે એવી બીક લાગી. એટલે સંસદમાં એવો કાયદો પસાર કરાવ્યો કે બાબા સાહેબની જેમ બૌદ્ધ ધર્મ અપનાવનાર દલિતો ‘નવબૌદ્ધો’ (નેઓ બુદ્ધિસ્ટ) કહેવાશે ને તેમને અનામતના પ્રસ્તુત લાભો મળશે નહિ.)

નવબૌદ્ધોએ પણ આનો વિરોધ કર્યો ને વર્ષો સુધી લડત ઉપાડી ત્યારે તેમને પણ ૧૯૯૦માં પ્રસ્તુત લાભો આપવાનું સરકારે સ્વીકાર્યું.

સ્વ.શ્રી જોસેફ મેકવાને આ વિષયે જે લખેલું તે નોંધપાત્ર છે :

> **“ સોનાની થાળીમાં લોઢાની મેખ !**
>
> *આપણા પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદ પણ ધાર્મિક પૂર્વગ્રહોથી મુક્ત નહોતા.*
>
> *રાષ્ટ્રપતિ તરીકેનો સર્વોચ્ચ હોદ્દો પ્રાપ્ત કરી રાષ્ટ્રપતિભવનમાં વાસ કરતા પહેલાં, ભવનમાંનાં વિવિધ રસોડામાં કામગીરી બજાવતા બધા જ બિનહિંદુ રસોયાઓને તેમણે છૂટા કરી દીધા. દેશવિદેશના મહેમાનોના સ્વાગત આદિ સમારંભોમાં રસોઈ તૈયાર કરવામાં રોકાયેલા આ રસોયાની સંખ્યા લગભગ ત્રણસો જેટલી હતી એમ કહેવાય છે.*
>
> *બિન સાંપ્રદાયિક દેશના પ્રથમ નાગરિકનું કેવું જડ સનાતની માનસ!* (સંદર્ભ : ‘દૂત’ સપ્ટે.૧૯૮૨) ”

આટલી દીર્ઘ પ્રસ્તાવના બાદ મૂળ વિષય પર આવીએ. ઈસાઈ ધર્મ અપનાવેલ અનુસૂચિત જાતિના વર્ગો એટલેકે દલિત ખ્રિસ્તીઓને પણ પ્રસ્તુત લાભો મળે એ માટે લાંબાં વર્ષોથી આંદોલન ચાલે છે જેને તાજેતરમાં કેથોલિક બિશપોના સંગઠન

(સીબીસીઆઈ)એ સબળ ટેકો આપીને ઉગ્ર બનાવ્યું છે. નિયમિતપણે દિલ્હી યા અન્ય સ્થળોએ આ સંદર્ભે સંમેલનો, રેલીઓ ને ધારણાંઓ યોજવામાં આવે છે ને સુપ્રિમ કોર્ટમાં આ બાબતે ધા નાખવામાં આવી છે. ગુજરાતમાંથી શ્રી રતિલાલ જાદવ તથા મનોજ મેકવાન(સીડીએસ)ની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં ગુજરાતમાંથી ખ્રિસ્તીઓનો સમૂહ આ કાર્યક્રમોમાં જોડાય છે. હાલમાં ઉપલબ્ધ સમાચારો મુજબ દલિત ખ્રિસ્તીઓને પણ લાભાર્થીઓની યાદીમાં મૂકાય એવાં એંધાણ વર્તાય છે.

ગુજરાતમાંથી કેટલાક (બહુધા શહેરી ને સંપન્ન) ખ્રિસ્તીઓએ આનો એવું કહીને વિરોધ કર્યો છે કે આ તો આપણને જેમાંથી માંડ માંડ મુક્ત થયા છીએ તે 'પછાત'માં પાછા લઈ જવાની વાત છે ને આપણે ત્યાં હરગીજ જવું નથી કારણ તે અપમાનજનક છે. આપણને એવા લાભોની હવે જરૂર નથી.

અહીં ત્રણેક હકીકતો ધ્યાનમાં લેવી જરૂરી છે. (૧) તો દલિત ખ્રિસ્તી તરીકે  લાભો લેવા કોઈને માટે ફરજિયાત નથી. (૨) જેને તે લેવા હોય તેને આપણે ના પાડવું જોઈએ નહિ. (૩) ખાસ અગત્યની બાબત તો એ છે કે એવા લાભો લેતી કોઈ પણ વ્યક્તિને ભગવાન ઈસુના અનુયાયી તરીકે આપણે હલકી, પછાત કે ઉતરતી કક્ષાની ગણવી કે માનવી જોઈએ નહિ. જરૂરિયાતમંદ સહુ કોઈ આપણો પાડોશી-માનવબંધિ ભગિની છે જેનું આપણે ગૌરવ કરવું ને સાચવવું જોઈએ.

*નોંધઃ આ વિષયે  તમારાં મંતવ્યો આવકાર્ય છે અને તે મોકલો જ એવો અત્યાગ્રહ-હઠાગ્રહ પણ છે.*

---

# જાણવા જેવા સમાચાર

## (યુવાવર્ગ માટે અનુકરણીય અને પડકારરૂપ સાહસ)

પુણે સ્થિત શ્રીમાન પ્રદીપ લોખંડેની પાસે બેસીને એમની વાતો સાંભળવી એ એક મહામૂલો લહાવો છે. એમનામાં ઉદ્યોગ સાહસિક, સામાજિક કાર્યકર અને મેનેજમેન્ટ ટીચર- એવા ત્રિવેણી સંગમનાં દર્શન થાય છે. એમની એક મીઠી ફરિયાદ આ છે: મિડીયાનું ધ્યાન કેવળ નગરો તથા  વિભૂતિઓ પર કેન્દ્રિત થયેલું છે અને સતત એમના સમાચારો આપ્યા કરે છે. પરિણામે, ' બૃહદ ભારત'માં  પવનવેગે આવી રહેલ પરિવર્તનની નોંધ લેવાનું તે ચૂકી જાય છે. હા, ગ્રામ્ય વિસ્તારોમાં હવે પરિવર્તનનો પવન એવી રીતે ફૂંકાવા માંડ્યો છે કે તેની સારી યા માઠી અસરોથી કોઈ ગ્રામવાસી મુક્ત રહી શકે તેમ નથી. દર દસ ગ્રામવાસીઓમાંથી સાત ઉપર તેની અસર થાય છે.

આ પરિવર્તનથી જો કોઈ ખાસ જાણકાર બન્યું હોય તો તેઓ છે : રોજબરોજની વપરાશની ચીજ-વસ્તુઓના ઉત્પાદકો, નાગરિકોને વિવિધ પ્રકારની સેવાઓ પૂરી પાડનારાઓ અને જેમની જીવાદોરીનો આધાર ગ્રામ્ય મતદારો છે તે રાજકારણીઓ.

લોખંડેની વાતો વિશ્વાસપાત્ર એટલા માટે છે કે તેમને દેશનાં  નવ રાજ્યોનાં ગામડાઓમાં  વસતા લોકો સાથે સીધેસીધો સંપર્ક છે. લોખંડેનો જન્મ પુણેને અડકીને આવેલા વાઈ નામે એક નાના શહેરમાં થયો હતો. તેમનો અભ્યાસ : કોમર્સ ગ્રેજ્યુએટ અને  મેનેજમેન્ટ સ્ટડી. અભ્યાસ પૂરો કરીને તેમણે 'જોન્સન એન્ડ જોન્સન કંપની'માં દોઢેક વર્ષ સેલ્સ રીપ્રેસેન્ટેટીવની નોકરી કરી. પછી તેમના જીવને  એક નોંધપાત્ર વળાંક  લીધો.

એક દિવસ તેઓ ગુરુચરણ દાસનું પ્રવચન સાંભળવા ગયા હતા. પ્રવચનનો વિષય હતો : ગ્રામ્ય બજારોનું વધતું જતું મહત્ત્વ. આ પ્રવચને લોખંડેના જીવનમાં મહાભિનિષ્ક્રમણ સર્જ્યું. તેમણે નોકરી છોડી દઈ ઉદ્યોગ સાહસિકતા (આંત્રપ્રનરશીપ)માં ઝંપલાવવાનો સંકલ્પ કર્યો પરંતુ એ શરતે કે આ નવું ક્ષેત્ર-સાહસ-અભિયાન તેમની સામાજિક નિસબતની જરા પણ આડે આવે નહિ અને તેમાં લગીરે ઉણપ કે ઘટાડો ના કરે.

ઠીક, પછી મહિનાઓ સુધી રાતદિવસ ભારે પરિશ્રમ  ઉઠાવીને તેમણે પુણેની ગોખલે ઈન્સ્ટીટ્યુટ ઓફ પોલીટીક્સમાંથી  ઉપલબ્ધ મહારાષ્ટ્રનાં ગામડાંઓ વિશેની ઢગલાબંધ માહિતી મેળવી લીધી અને બહુ ઝીણવટથી તેનો અભ્યાસ કર્યો. ગામડાંઓની કુલ સંખ્યા ૪૩,૦૦૦ હતી. લોખાંડેએ એ બધાં નહિ પણ એવાં ગામો પસંદ કર્યાં કે જેમની વસતી ૨૦૦૦થી વધુ પણ  ૧૦,૦૦૦થી ઓછી હોય. કારણ શું ? ૨૦૦૦થી ઓછી વસતી ધરાવતાં ગામોમાં ખરીદી-વેચાણની માત્રા બહુ નોંધપાત્ર નથી હોતી જ્યારે ૧૦,૦૦૦થી વધુ વસતી ધરાવતાં ગામોમાં તો ધમધમતું અને બહુ જ વ્યવસ્થિત ગોઠવાયેલું બજાર જોવા મળતું હોય છે. એમણે આવાં ૬,૭૦૦ ગામડાંઓ પસંદ કર્યાં અને તેને 'ફીડર વીલેજીસ' નામ આપ્યું. આ ગામોમાં સાપ્તાહિક બજાર ભરાતું હતું જેમાં ચોપાસનાં પરાંઓ અને ખેતરોમાં રહેતા સામાન્ય લોકો ખરીદ-વેચાણ માટે મોટી સંખ્યામાં આવતા હતા. આ સાપ્તાહિક બજારોમાં નાનામોટા વેપારીઓ અને ફેરીયાઓ ધંધો કરવા બેસતા હતા.

હવે બંધુલોખંડેએ પસંદ કરેલાં ગામડાંઓ વિશે વિસ્તૃત માહિતી એકઠી કરવાનું શરૂ કર્યું:ગામનું નામ, તાલુકો, જિલ્લો, કુલ વસતિ, બજારનો દિવસ અને તેમાં જતા લોકોની સંખ્યા, તેમની ખરીદ-વેચાણની ચીજ વસતુઓ વગેરે. આ માહિતી એકઠી કરવા માટે તેમણે પોતાની પત્ની અને પિતાનો સહકાર લઈ પ્રત્યેક ગામના સરપંચ, પોસ્ટમાસ્તર અને શાળાના આચાર્યને પોસ્ટકાર્ડ લખાવ્યા ને તેમને આ માહિતી મોકલી આપવા વિનંતી કરી. કમનસીબે ઘણો મંદ પ્રતિસાદ સાંપડ્યો પરંતુ, હિંમત કે ધીરજ ગુમાવ્યા વિના બીજા બે પોસ્ટકાર્ડ -પ્રયાસો કર્યા જેમાં પણ તેમને સફળતા મળી નહિ. હવે શું કરવું ? એક નવલ પ્રયોગ કર્યો ! ફરીથી એક વાર પોસ્ટકાર્ડ લખ્યા. આ વખતે પ્રસ્તુત માહિતી મોકલવા નહિ, પરંતુ દિપાવલી પર્વની શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવા ! દિપાવલી અભિનંદનોના એ પોસ્ટકાર્ડોએ તો

ચમત્કાર સર્જ્યો ! સામેથી પણ સેંકડોની સંખ્યામાં એવા જ અભિનંદન પોસ્ટકાર્ડ અને કાર્ડ આવ્યાં.

લોખંડેએ પો.કાર્ડ લખનાર વ્યક્તિઓની આ શુભ ભાવનાનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો ને તેમની કનેથી પોતાને જે માહિતી જોઈતી હતી તે બધી મેળવી લીધી. એમાં ખાસ કરીને તો ત્રણ વરસના શિશુથી માંડીને ૮૦ વર્ષના પ્રૌઢો જે જે ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે ને દુકાનમાંથી ખરીદી લાવે છે તેની માહિતી પણ હતી. પછી લોખંડેબંધુએ માહિતી મોકલનાર શુભેચ્છકોની મુલાકાત લેવાનું શરૂ કરી દીધું અને આપણે કલ્પી શકીએ કે ભારતીય આતિથ્ય અનુસાર તેમને બધે રહેવા જમવા અને માહિતી મેળવવામાં ગ્રામજનોએ વિપુલ સહયોગ આપ્યો. બસ, શ્રીમાન લોખંડેની કંપની - **'રૂરલ રીલેસન્સ'**નો જન્મ થઈ ચૂક્યો હતો.

લોખંડેએ પોતે એકત્ર કરેલ માહિતી તથા જે નેટવર્ક ઊભું કર્યું હતું તેનો વેપારધંધા માટે ઉપયોગ કરવાનું શરૂ કર્યું. કેવી રીતે ? પોતે જે ભણેલા તે જ્ઞાનનો કંપ્યુટર દ્વારા ઉપયોગ કરીને ! 'રૂરલ રીલેસન્સ' કંપની પાસે કઈ કઈ ચીજ-વસ્તુઓ વેચાણ માટે ઉપલબ્ધ છે તેના તથા હેલ્થ એન્ડ હાઈજીન્સ (સુસ્વાસ્થ્ય માટે ઉપયોગી)ની જાણકારી ને જ્ઞાન આપતા પ્રોફેશનલ માહિતીસભર ગ્રાફ રજુ કરતા આકર્ષક ચાર્ટ અને પોસ્ટર્સ બનાવ્યાં અને પોતાની વેબસાઈટ પર મૂક્યાં એટલું જ નહિ, ગામેગામ પંચાયતો તથા શાળાઓમાં તે મોકલી આપ્યાં. વળી, આ ચાર્ટ અને પોસ્ટર્સ ખાસ કરીને તો સંભવિત ઘરાકોને પહોંચાડવા માટે તેમણે એ ગામોમાંથી જ યુવાન છોકરા છોકરીઓને તાલીમ આપીને તૈયાર કર્યા ને રોક્યાં. લોખંડેને જે સફળતા મળી તે અકલ્પ્ય હતી !

આ સુખદ અનુભવે લોખંડેને પોતાનું નેટવર્ક બીજાં રાજ્યો સુધી પ્રસરાવવા પ્રોત્સાહિત કર્યા અને તેમણે મ.પ્ર., છત્તીસગઢ, ગુજરાત, રાજસ્થાન, ઉ.પ્ર., ઉત્તરાંચલ, આં.પ્ર. અને કર્ણાટક રાજ્યો લગી નેટવર્કને લંબાવી દીધું. આજે એમની પાસે ૪૦,૦૦૦ થી વધુ 'ફીડર વિલેજસ' ની માહિતી ઉપલબ્ધ છે. વળી, એમણે 'વિલેજ ડેવેલોપર્સ'ની એક સેના ઊભી કરી છે જેઓ તેમને સાદા પોસ્ટ કાર્ડ લખી મોકલીને તેમના વિસ્તારનાં ગામોમાં ચીજવસ્તુઓના ખરીદ-વેચાણ સંદર્ભે જે કંઈ નવી પરિસ્થિતિ ઊભી થઈ હોય કે નવા સંજોગોનું નિર્માણ થયું હોય તેની વિગતે જાણકારી પહોંચાડે છે ને એમ તેમને અપડેટ રાખે છે. રોજ રોજ તેમને સરેરાશ સો જેટલા પો.કા.મળતા હોય છે.

તાજેતરમાં લોખંડેએ આ 'વિલેજ ડેવેલોપર્સ'ને નાના નાના કેમેરા આપ્યા જેનાથી તેઓ ગ્રામજનોની ઈન્ટરવ્યૂ લઈ તેમની સમસ્યાઓ, જરૂરિયાતો અને ચિંતાઓ રેકોર્ડ કરી શકે અને તેમને મોકલી આપે. 'વિલેજ ડેવેલોપર્સ'ને બીજું એક મહત્ત્વનું કામ સોંપવામાં આવ્યું છે અને તે આ છે : ગામના વિકાસમાં રસ ધરાવતી હોય અને એવી કોઈ ભૂમિકા ભજવતી હોય તેવી 'રોલ મોડલ્સ' વ્યક્તિઓને ઓળખી કાઢી એક યાદી બનાવવી. 'વિલેજ ડેવેલોપર્સ'એ ગામેગામ એવી યાદી બનાવી આપી.

હવે લોખંડેએ બીજું એક અતિ મહત્ત્વનું પગલું ભર્યું અને તે હતું ગામોનાં યુવાજૂથો પર ધ્યાન કેન્દ્રિત કર્યું તે છે. કારણ યુવાવર્ગ રાષ્ટ્રની આવતી કાલની જ નહિ આજની પણ મોટી આશાઓ છે. યુવાનોને કંપ્યુટર લીટ્રસી (કંપ્યુટરનું જ્ઞાન) અને જનરલ નોલેજ પ્રાપ્ત થાય એ માટેની સઘળી સુવિધાઓ તેમણે ઊભી કરી. એ માટે તેમણે કેટલીક સેવાભાવિ તથા સામાજિક નિસબત ધરાવતી વ્યક્તિઓને તથા કંપનીઓને કાં તો નવાં અથવા વપરાયેલાં સેકન્ડ હેન્ડ કંપ્યુટરો દાનમાં આપવા અપીલ કરી જેનો તેમને વિધેયાત્મક તથા અતિ સંતોષકારક પ્રતિસાદ સાંપડ્યો.આજે એ બધાં ગામોની કુલ મળીને ૭૦,૦૦૦ શાળાઓને કંપ્યુટરોનો લાભ મળ્યો છે જેના કારણે સેંકડોની સંખ્યામાં યુવક-યુવતિઓને પ્રસ્તુત તાલીમ મળે છે અને કંપ્યુટર લીટ્રસી તથા જનરલ નોલેજ પ્રાપ્ત કરી લે છે.

લોખંડેએ શુભભાવનાવાળા અને હૈયે સામાજિક નિસબત ધરાવતા લોકો જેમને તે 'નોન રેસીડેન્ટ વિલેજર્સ' નામે ઓળખાવે છે તેમના આર્થિક સહયોગ દ્વારા ગામેગામ પુસ્તાકાલયો શરૂ કર્યાં. આ પુસ્કાલયોમાં અનેકવિધ વિષયો તથા આવડતોને આવરી લેતાં પુસ્તકો મૂક્યાં છે જેમાં લોકવાર્તા સંગ્રહો, વિજ્ઞાન, ઈતિહાસ, મહાન વિભૂતીઓની આત્મકથાઓ, જગતની અજાયબીઓ . . .આદિનો સમાવેશ થાય છે.

લોખંડેએ આ સઘળું ગામડાંઓમાં કર્યું છે તેમાં એક ધ્યાનાર્થ બાબત તો આ છેઃ તેમણે ગ્રામ્ય પંચાયતો, વિધાનસભા તથા લોકસભાની ચૂંટણીઓ પૂર્વે કેટલાંક સર્વેક્ષણો કર્યાં અને લાયકાત ધરાવતા ઉમેદવારોને જ મત આપવા માટે મતદારોને માર્દદર્શન પૂરું પાડ્યું અને એમ શંકાસ્પદ સાધનો વડે ચૂંટણી લડતા ને જીતતા ઉમેદવારોને ચેતવણી આપી.

શ્રીમાન લોખંડે આગામી લોકસભાની ચૂંટણીઓ અંગે શું વિચારે છે ? તેમના મંતવ્યે જે ઉમેદવારો ગ્રામોત્થાનમાં રસ લે છે ને ગ્રામજનોની સુખાકારી વધે એ માટે જેઓ પ્રતિબદ્ધતા ધરાવે છે તેમને તથા ગામડાંઓમાં ગુણવતાયુક્ત શિક્ષણ માટેની શાળાઓ ઉપલબ્ધ થાય, આરોગ્ય ને સ્વાસ્થ્ય માટેની સુવિધાઓ સસ્તી ને હાથવગી બને, મુસાફરી માટે સારા રોડરસ્તા ને વાહનોની સગવડો સરળતાથી મળી રહે, મળે, પાણીની તંગી વેઠવી ના પડે, મનરેગા, ડાયરેક્ટ કેશ ટ્રાન્સફરની યોજના, અન્ન સુરક્ષા, મહિલા આરક્ષણ તથા રોજીરોટી રળવાની તકો ઊભી થાય એવાં વચનો આપવાવાળા ને તેને અચૂક પાળવાવાળા ઉમેદવારોને હવે લોકો ચૂંટણીઓમાં જીતાડશે; બીજાઓને કદાપિ નહિ.

(મૂળ લેખ ''બીયોન્ડ ધ બ્રેકીન્ગ ન્યૂઝ''.)

( 'ટાઈમ્સ ઓફ ઈન્ડીઆ', ૧૭-૬-૨૦૧૩.)

**લેખક : દિલીપ પડગાંવકર**

**અનુવાદકઃ ફાધર વિલિયમ**

---

પત્રવ્યવહાર, લખાણો તથા મંતવ્યો મોકલવાનું સરનામું.

**ફાધર વિલિયમ, 'રિશ્તા' આશાદીપ, નાના બજાર, વિધાનગર. જિ.આણંદ ૩૮૮ ૧૨૦, મો : ૯૪૨૭૦૨૬૦૮૩**